જિંદગીને જાણે - પામો ને માણો.. નહીં તો બની રહેશો પાણો..
- ધર્મલોક

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૯૩ | ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૪, બુધવાર; ભાદરવા વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આવતીકાલથી જિલ્લામાં ગ્રામસભા અભિયાન

ગાંધીનગર, તા. ૨૩

આગામી ૨૫ સપ્ટેમ્બરથી ૧૫ ઓક્ટોબર દરમ્યાન જિલ્લામાં ગ્રામસભા અભિયાનનો ૨૫મો તબક્કો યોજવામાં આવશે. આ માટેનું આયોજન એકાદ દિવસમાં આખરી કરી દેવામાં આવશે.

જિલ્લામાં ૨૯૯ ગ્રામસભાઓ યોજવામાં આવશે. દહેગામ તાલુકાના વાસણા ચૌધરી ગામે પંચાયતની સામાન્ય ચૂંટણી હોવાને કારણે ત્યાં ગ્રામસભાનું આયોજન ચૂંટણીઓ બાદ હાથ ધરવામાં આવશે.

આ વખતની ગ્રામસભામાં જિલ્લાના અધિકારીઓ જશે. આ ગ્રામસભા અભિયાન દરમ્યાન મનરેગા યોજનાનું લેબર બજેટ દરેક ગામવાર તૈયાર કરી અને આખરી કરાશે. જે તાલુકા કક્ષાએ જશે. જ્યાં તાલુકાનું લેબર બજેટ તૈયાર કરવામાં આવશે. ત્યારબાદ દરેક તાલુકાનું લેબર બજેટ જિલ્લાકક્ષાએ જશે જ્યાં જિલ્લાનું લેબર બજેટ તૈયાર થશે અને પંચાયતની સામાન્ય સભામાં મંજૂરી માટે રજૂ થશે.

આ ગ્રામસભામાં મનરેગાના સામાજિક સર્વેક્ષણ પણ રજુ કરવામાં આવશે. આ ઉપરાંત ઈન્દિરા આવાસ યોજનાના કામોની સમીક્ષા પણ કરવામાં આવશે.

આ અભિયાનમાં ૦ થી ૨૦ ના ગુણાંકમાં આવતા બી.પી.એલ. પરિવાર જે ગામમાં રહેતા ના હોય અથવા અસ્થાયી હોય તેમ નામ રદ કરવા માટેનો ઠરાવ પસાર કરવાનો રહેશે તેથી આ ગ્રામસભા અભિયાન અતિ મહત્વનું બની રહેશે.

આ અભિયાનમાં ગામના પ્રશ્નોની ચર્ચા તેમજ તેના ઉકેલ માટે શું કરાયું તેનો વિગતવાર અહેવાલ પણ અધિકારીએ જિલ્લાકક્ષાએ રજુ કરવાનો રહેશે. આ ગ્રામસભામાં કેટલા લોકોની હાજરી, પદાધિકારીઓની હાજરી અંગેનો પણ અહેવાલ આપવાનો રહેશે.

ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આ અભિયાનનું આયોજન કરાયું છે. આ અગાઉ ગ્રામસભામાં રજુ થયેલા પ્રશ્નો જે વણઉકલ્યા રહ્યા છે તેને લઈ પણ વિભાગમાં એક મંથન ચાલી રહ્યાનું જાણવા મળેલ છે. આ માટે જિલ્લાકક્ષાએ કોર ગૃપ રચવામાં આવ્યું હતું પરંતુ તેની બેઠકો નિયમિત રીતે મળતી નહિ હોવાથી આ અભિયાનને લઈ પણ એક પ્રશ્નાર્થ ઉભો થવા પામ્યો છે.



હરતી - ફરતી ફેક્ટરી - સમાજના શ્રમિક વર્ગમાં આજીવિકા માટે ભારે પુરુષાર્થ કરવો પડે છે... તાપ હોય કે તડકો, વરસાદ હોય કે વાવાઝોડુ તમામ સંજોગોમાં પુરુષાર્થ વીના રોજગારી શક્ય નથી બની.... લુહારી કામ કરતાં આ શ્રમિક પરિવાર જાહેર રસ્તા પર બેસી ઓજારોને ધાર કાઢવાનું અને વેલ્ડીંગ-મોલ્ડીંગનું કામ ખુબ જ સાવધાનીપૂર્વક કરે છે... આપણા સમાજ જીવનમાં આવી હરતી ફરતી ફેક્ટરી ધ્યાન ખેંચે છે... શ્રમનો મહિમા સતત વર્તાય છે... યુગ ગમે તે બદલાય, સ્થળ ગમે તે બદલાય, સમય ગમે તે બદલાય પણ પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી... પેટિયું રળવા માટે મથામણ કરતો સમાજનો શ્રમિક વર્ગ ગૌરવભેર જીવવા માટે કેવા કેવા પ્રયત્નો કરે છે... કેવા પુરુષાર્થથી આપણી આંખ ભીની થઈ જાય છે... શ્રમનો મહિમા વધતો જાય છે એ જ આ તસવીરનો સંદેશ છે... (તસવીર : કશ્યપ નિમાવત)

## ● પેટ્રોલ કાર ખરીદવા માટે લાંબુ વેઈટીંગ લીસ્ટ

તમે પણ આ દિવાળીએ પેટ્રોલ કાર ખરીદવા માંગો છો, પણ જો તમે તેનું એડવાન્સ બુકિંગ ના કરાવ્યું હોય તો હવે તમને આ દિવાળી પર કાર મળી શકશે નહી. મોટા ભાગની અગ્રણી પેટ્રોલ કારના ઓર્ડર વધી જવાને કારણે ડીલીવરીમાં લગભગ એક મહિનાથી વધુનું લાંબુ વેઈટીંગ ચાલી રહ્યું છે. આજકાલ નવા ટ્રેન્ડ પ્રમાણે ગ્રાહકો પેટ્રોલ કાર પર તેમની પસંદગી વધારી રહ્યા છે.

## ● કરદાતા માટે સિંગલ વિન્ડો વેબસાઈટ લોન્ચ કરાઈ

કેન્દ્ર સરકાર દ્વારા દેશના કરદાતાઓ માટે આવકવેરા તેના સંબંધી કામકાજમાં સરળતા રહે તે હેતુથી નાણાંપ્રધાન અરૂણ જેટલીએ સિંગલ વિન્ડો સીસ્ટમ વેબસાઈટ લોન્ચ કરી હતી. આ વેબસાઈટના કારણે પાનકાર્ડ કઢાવવાથી લઈને આઈટી રીટર્ન કરાવવા સુધીના કાર્યો સરળતાથી થઈ શકશે.

## ● ચાલુ ડ્રાઈવીંગે મોબાઈલ ફોન વાપરશો તો ખેર નથી

અમેરીકાના વર્જીનીયામાં એક કંપનીએ સ્નિફર સ્લોપ-ટુ નામનું એક મશીન બનાવ્યું છે જે રોડ પર ડ્રાઈવીંગ કરતી વખતે મોબાઈલ ફોન પર વાત કરતા, ઈન્ટરનેટ પર ચેટ કરતા કે ટેક્સ્ટ મેસેજ કરી રહેલા લોકોને સુંઘી કાઢે છે. પોલીસ દ્વારા પકડાયેલા માણસો હવે આ મશીનના કારણે ખોટુ બોલી નહી શકે કે તેઓ મોબાઈલ નહોતા વાપરતા.

# કોલવડા નગરપાલિકા બનશે

**કોલવડા ઉપરાંત કલોલના બોરીસણામાં પણ નગરપાલિકા બનશે : ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે આ બે ગામોમાં ૧૫ હજારથી વધુ વસ્તી છે : પંચાયત અધિનિયમમાં નગરપાલિકાની રચના માટે જોગવાઈ**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના કોલવડા અને બોરીસણા પંચાયતોને નગરપાલિકામાં રૂપાંતરિત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે નવી વોર્ડ રચના અને સીમાંકનની સાથે સાથે વસ્તીની સંખ્યાને ધ્યાને રાખી પંચાયતમાંથી નગરપાલિકામાં રૂપાંતરિત કરવાની કાર્યવાહી હાથ ધરવાની થાય છે. આ માટે જરૂરી પંચાયતો પાસેથી ઠરાવ મેળવી અને તેની વિધિવત્ દરખાસ્ત વિકાસ કમિશનરને મોકલવામાં આવશે.

વિકાસ કમિશનરશ્રી દ્વારા આ દરખાસ્તને ચકાસી અને શહેરી વિકાસ વિભાગને મોકલતાં તે નગરપાલિકામાં રૂપાંતરિત કરવાની કાર્યવાહી કરી તે અંગેનું જાહેરનામુ બહાર પાડશે.

ગાંધીનગર જિલ્લામાં ૧૫ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોની વિગતો વિકાસ કમિશનરની કચેરી દ્વારા પણ અલગથી માંગવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૦ ગામો એવા છે જ્યાં ૧૦ હજારથી વધુની વસ્તી છે જેમાં કોલવડા અને કલોલ તાલુકાના બોરીસણા ગામો એવા છે જ્યાં ૧૫ હજારથી વધુ વસ્તી નોંધાયેલી છે.

૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે કોલવડા ગામની નોંધાયેલ વસ્તી ૧૭,૮૪૯ છે જ્યારે કલોલ તાલુકાના બોરીસણા ગામની વસ્તી ૧૭,૯૯૮ છે.

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૩ અન્વયે ૧૫ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોને નગરપાલિકામાં રૂપાંતરિત કરવાની જોગવાઈ છે. આ માટેની કાર્યવાહી હવે હાથ ધરવામાં આવશે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોની સંખ્યા ૧૦ છે.

● અનુસંધાન પાન-૭ પર



ધ્રિજબાંગ - ધ્રિજબાંગ : નવરાત્રીના પડઘમ વાગી રહ્યા છે... આવતીકાલથી મા-આદ્યશક્તિના આરાધનાના પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે. શેરી ગરબાથી લઈ પાર્ટી પ્લોટમાં તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે... સાંજીદોઓએ સાજ સજાવી દીધા છે... બસ હવે ધ્રિજબાંગ ધ્રિજબાંગ ઢોલ ધબૂકે એની રાહ જોવાઈ રહી છે... અબાલ વૃદ્ધ સૌનું હૈયું હિલોળે ચડશે અને એય માતાજીના રૂડા ગરબા ગવાશે... તો હાલોને આપણાં મલકમાં...

## આજે દૂરદર્શન પર મંગળના પરિભ્રમણનું જીવંત પ્રસારણ

ગાંધીનગર, તા. ૨૩

ગૌરવની વાત એ છે કે, ગત તા. ૫ નવેમ્બર ૨૦૧૩ના રોજ ભારતે છોડેલ મંગળયાન પોતાના લક્ષ્ય પર પહોંચી ગયુંછે. તા. ૨૪-૯-૧૪ના રોજ સવારે ૬-૪૫ થી ૮-૪૫ દરમિયાન આ યાનના મંગળગ્રહની પરિભ્રમણ કક્ષામાં ગોઠવવાની અત્યંત મહત્વની કાર્યવાહીનું ડીડી દૂરદર્શન પરથી જીવંત પ્રસારણ કરવામાં આવનાર છે. જેથી તમામ શાળાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ અત્યંત રસપ્રદ અને જ્ઞાનલક્ષી કાર્યવાહીને નિહાળે તેવો અનુરોધ ગુજરાત કાઉન્સીલ ઓફ એલીમેન્ટરી એજ્યુકેશન સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી દ્વારા કરવામાં આવ્યો છે.

## રાજ્યના નવ સનદી અધિકારીની બદલી

| નામ | હાલની જગ્યા | બદલની જગ્યા |
|---|---|---|
| વિનોદ રાવ | કલેક્ટર, ભરૂચ | કલેક્ટર, વડોદરા |
| શ્રીમતી અવંતીકાસીંગ | કલેક્ટર, વડોદરા | કલેક્ટર, ભરૂચ |
| સગલે સંદીપ | ડી.ડી.ઓ., ખેડા | કલેક્ટર, નર્મદા |
| ડૉ. રાહુલ બી. ગુપ્તા | કલેક્ટર, નર્મદા | સંયુક્ત સચિવ, ગૃહ વિભાગ |
| ડી.જી. પટેલ | મુખ્ય જનરેલ મેનેજર સ.સ.ન.નિ.લી. | મ્યુનિસિપલ કમિશનર, જૂનાગઢ |
| બી.કે. ઠાકર | મ્યુનિસિપલ કમિશનર, જૂનાગઢ | સંયુક્ત સચિવ, વન પર્યાવરણ વિભાગ |
| મીસ. પ્રવીણા ડી.કે. | નાયબ સચિવ વન પર્યાવરણ વિભાગ | ડી.ડી.ઓ. ખેડા |
| સી.વી.સોમ | કમિશનર બ્યુરો ઓફ પબ્લીકેશન | એમ.ડી. ગુ.અ.નાગરીક પૂરવઠા નિગમ |
| એસ. મુરલીક્રીષ્ના | અધિક મુખ્ય કારોબારી અધિકારી જીએસડીએમએ | એમ.ડી. ગુજરાત શહેરી વિકાસ કોર્પોરેશન |

## રાજકોટ પેટા ચૂંટણી બાદ રાજ્ય મંત્રીમંડળના વિસ્તરણની અટકળો

ગાંધીનગર, તા. ૨૩

રાજકોટ પશ્ચિમ બેઠકની પેટા ચૂંટણીઓ બાદ રાજ્યમંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવી અટકળો વહેતી થવા પામી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ પશ્ચિમ બેઠકની ખાલી પડેલી બેઠકની પેટા ચૂંટણી આગામી ૧૫મી ઓક્ટોબરના રોજ યોજાનારી છે. આ પેટા ચૂંટણી બાદ રાજ્યમંત્રીમંડળના વિસ્તરણ સાથે કેટલાક બોર્ડ નિગમોમાં ચેરમેનોની નિમણૂંકો કરવામાં આવે તેવી અટકળો વહેતી થવા પામી છે.

રાજ્યમંત્રીમંડળના બે રાજ્યકક્ષાના મંત્રીઓ લોકસભા ચૂંટણીમાં સાંસદ તરીકે ચૂંટાતા તેમણે ધારાસભ્યપદેથી રાજીનામુ આપતાં મંત્રીમંડળમાં બે સ્થાન ખાલી પડવા પામ્યા છે. આ ઉપરાંત મુખ્યમંત્રી તરીકે શ્રીમતી આનંદીબેન પટેલની નિમણૂંક થતાં એક પદ કેબીનેટ મંત્રીમાં ખાલી પડવા પામ્યું હતું.

આથી પેટા ચૂંટણી બાદ રાજ્યમંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. જો કે આ વાત માત્ર અટકળો જ હોવાનુ ચર્ચાઈ રહ્યું છે.

બોર્ડ-નિગમોમાં ચેરમેન ડીરેક્ટરોની નિમણૂંક પેટા ચૂંટણીઓ બાદ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

# મંત્રી મંડળમાં સ્થાનના મામલે કોળી સમાજમાં ફરી સળવળાટ

ગાંધીનગર, તા. ૨૩

પુરૂષોત્તમ સોલંકીને મંત્રી મંડળમાં સ્થાન નહી આપવામાં આવતાં કોળી સમાજમાં નારાજગી ઉઠવા પામી છે અને આ મામલે આગામી દિવસોમાં કોળી સમાજ દ્વારા સરકાર અને સંગઠન સામે શકિત પ્રદર્શન કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પૂર્વ મંત્રી અને કોળી સમાજના શકિતશાળી નેતા પુરૂષોત્તમ સોલંકીને આ વખતે રાજય મંત્રી મંડળમાં સ્થાન આપવામાં આવ્યું નથી. એટલું જ નહીં તાજેતરમાં યોજાયેલી પેટા ચૂંટણીમાં તમામ બેઠક પરથી પણ તેમના પરિવારને ટીકીટ ફાળવવામાં આવી નથી જેને લઈને કોળી સમાજમાં નારાજગી ઉઠવા પામી છે.

આજે ગાંધીનગર ખાતે કોળી સમાજના આગેવાનોની એક મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં પુરુષોત્તમ સોલંકી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં પુરૂષોત્તમ સોલંકીનો રાજય મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવ્યો ન હોઈ સરકાર અને ભાજપ પક્ષ સાથે નારાજગી વ્યકત કરીને કોળી સમાજને મંત્રીમંડળમાં સ્થાન આપવા માટેની ઉગ્ર માંગણી ઉઠવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ આગામી દિવસોમાં કોળી સમાજ દ્વારા એક સંમેલન બોલાવીન ભાજપ પક્ષ અને સરકારને શકિત પ્રદર્શન કરીને તાકાત બતાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નરેન્દ્ર મોદી સરકારમાં પુરુષોત્તમ સોલંકીનો મંત્રીમંડળમાં રાજયકક્ષાના મંત્રી તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો પરંતુ

● અનુસંધાન પાન-૭ પર

